# I CAN
# અર્થશોટ ચેલેન્જ

THE EARTHSHOT PRIZE | DESIGN for CHANGE | alana



> *આપણે સૌ ભેગા મળીને પૃથ્વી પર વસતા દરેક જીવ માટે આપણા આ સુંદર ગ્રહનું રક્ષણ કરી શકીએ છીએ. આ દાયકામાં આપણે જે નિર્ણયો લઈશું, તે ફક્ત આપણું જ નહીં પરંતુ આવનારી પેઢીઓના જીવનનું ભવિષ્ય પણ નક્કી કરશે.*

**એચઆરએચ પ્રિન્સ વિલિયમ | ધી અર્થશોટ પ્રાઇઝના સ્થાપક અને પ્રેસિડેન્ટ**
5 નવેમ્બર | ધી અર્થશોટ પ્રાઇઝ એવોર્ડ્સ 2026 | રિયો ડી જનેરો

## પ્રિય એડ્યુહીરો,

આપણી પૃથ્વીનું ભવિષ્ય આજે આપણે લઈ રહેલા નિર્ણયો પર નિર્ભર છે.

સમગ્ર વિશ્વમાં વિવિધ સમુદાયો પર્યાવરણમાં બદલાવ, પ્રદૂષણ, જંગલો અને વન્યજીવોના નાશ તેમજ સતત વધતા જઈ રહેલા કચરા જેવી પર્યાવરણીય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાઓ અત્યંત ગંભીર હોવાથી સમગ્ર વિશ્વના વૈજ્ઞાનિકો, ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, સમુદાયના આગેવાનો અને યુવાનો તેના પ્રેરણાદાયી ઉકેલો શોધી રહ્યા છે.

ધી અર્થશોટ પ્રાઇઝની સ્થાપના પર્યાવરણને બચાવી શકે એવા સાહસિક અને અસરકારક ઉકેલોને શોધવા, તેમને બિરદાવવા અને તેમનું સમર્થન કરવા માટે કરવામાં આવી હતી. ધી અર્થશોટ પ્રાઇઝ અંતર્ગત **તાકીદ + આશાવાદ = કાર્યવાહીના** મંત્રને અનુસરવામાં આવે છે, જે સ્વચ્છ, સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્યના નિર્માણ માટે કાર્યરત લોકો અને તેમના નવીન વિચારોને ઉજાગર કરે છે.

**હવે તમારા બાળકોનો વારો છે.**

**ધી અર્થશોટ આઈ કેન ચેલેન્જ અંતર્ગત 9થી 17 વર્ષની વયના** બાળકોને તેમના સ્થાનિક વિસ્તારની સમસ્યાઓને ઓળખવા, તેના સર્જનાત્મક ઉકેલો શોધવા અને આપણી પૃથ્વીને પૂર્વવત કરવામાં પોતાનું યોગદાન આપવા માટે આમંત્રિત કરવામાં આવે છે. બાળકોને તેમના આઇડીયાનું મહત્વ સમજાવીને આપણે તેમને તેમની શાળા, ઘર અને સમુદાયમાં આત્મવિશ્વાસ સાથે પરિવર્તન લાવનારા સાચા ચેન્જમેકર બનવામાં મદદ કરી શકીએ છીએ.

**ડિઝાઇન ફોર ચેન્જ, ધી એલાના ફાઉન્ડેશન અને ધી અર્થશોટ પ્રાઇઝ** સમગ્ર ભારતના બાળકોને તેમની અંદર રહેલા 'આઈ કેન' સુપરપાવરને ઓળખીને હકારાત્મક પરિવર્તન લાવી રહેલા યુવાનોના સતત વિસ્તરી રહેલા અભિયાનનો ભાગ બનવા માટે આમંત્રિત કરે છે.

તેઓ ભેગા મળીને સૌ કોઈ માટે વધુ સ્વચ્છ, સ્વસ્થ અને સ્થાયી ભવિષ્યના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.


જેસન નૉફ, સીઇઓ
ધી અર્થશોટ પ્રાઇઝ

કિરણ બીર સેઠી
સ્થાપક, ડિઝાઇન ફોર ચેન્જ

પેડ્રો હર્ટિંગ
સીઈઓ, ધી એલાના ફાઉન્ડેશન



ચેલેન્જનું અમલીકરણ કરનાર પાર્ટનર
DESIGN for CHANGE INDIA

ઇવેન્ટ પાર્ટનર
MuSo Museum of Solutions
a JSW initiative

# તૈયાર છો ને?

## 3થી 5 સભ્યોની તમારી સુપર સ્ક્વૉડ બનાવો. હવે આ 4 પગલાં અનુસરો.

**5 વિજેતાઓમાંથી પ્રત્યેકને 2,000 યુએસ ડૉલરની ગ્રાન્ટ આપવામાં આવશે.**

જ્યુરી 25 પ્રોજેક્ટ્સને શોર્ટલિસ્ટ કરશે અને તેમાંથી 5 વિજેતાઓની પસંદગી કરવામાં આવશે (અર્થશોટની દરેક કેટેગરીમાંથી 1 વિજેતા).

વિજેતાઓમાંથી પ્રત્યેકને 2,000 યુએસ ડૉલરની ગ્રાન્ટ, તેમને મદદરૂપ થવા માટે એક માર્ગદર્શક અને મુંબઈમાં યોજનારા ધી અર્થશોટ પ્રાઇઝ એવોર્ડ્સ તથા સમિટમાં ભાગ લેવાનું આમંત્રણ આપવામાં આવશે.

વિજેતાઓએ સમયાંતરે ડીએફસી અને અર્થશોટને તેમના પ્રોજેક્ટની પ્રગતિ અંગેની માહિતી આપવાની રહેશે.

## સ્ટેપ 1 અનુભૂતિ કરો

તમારા હૃદયની વાત સાંભળો.

### 1. નિરીક્ષણ કરો

તમારી આસપાસના વાતાવરણને ધ્યાનથી જુઓ.

પર્યાવરણને લગતી જે સમસ્યાઓ તમને ખટકે છે, તેનું ધ્યાનથી નિરીક્ષણ કરો. નીચે આપેલા મુદ્દાઓના આધારે તમારા નિરીક્ષણોનો નકશો તૈયાર કરો અને તમારી આસપાસની દુનિયાને વધુ સારી રીતે સમજો:

- તમને શું દેખાય છે? (દા.ત. પ્રદૂષણ, પાણીની અછત, ઊર્જાનો બગાડ વગેરે.)
- તમે શું અનુભવો છો? (દા.ત. હતાશા, જવાબદારીની ભાવના, જિજ્ઞાસા વગેરે.)
- તમે શું સાંભળો છો? (દા.ત. સમુદાયની ચિંતાઓ, સમાચાર વગેરે.)

### 2. અર્થશોટની એક કેટેગરી સાથે જોડાઓ

ટીમ તરીકે તમારા નિરીક્ષણોની ચર્ચા કરો.
તમારી સમસ્યા અર્થશોટની કઈ કેટેગરી સાથે સંબંધિત છે?

- પ્રકૃતિનું રક્ષણ કરો અને તેને પૂર્વવત કરો
- આપણા મહાસાગરોને પુનર્જીવિત કરો
- આપણી આબોહવાને સુધારો
- આપણી હવાને સ્વચ્છ બનાવો
- કચરામુક્ત વિશ્વનું નિર્માણ કરો

### 3. મત આપો

તમારા નિરીક્ષણો તમારી ટીમ સાથે શૅર કરો અને તમે સૌ જે એક સમસ્યાને ઉકેલવા માગો છો, તેના માટે મત આપો.


### 4. વધુ ઊંડાણથી જાણો

તમારી સમસ્યાની પસંદગી કર્યા બાદ તેને વધુ સારી રીતે સમજવા માટે તેના વિશે વધુ ઊંડી જાણકારી મેળવો. આ માટે નીચે આપેલા પ્રશ્નો તમને મદદરૂપ થશે.

- આ સમસ્યા ક્યારે અને ક્યાં સર્જાય છે?
- આ સમસ્યા કોને પ્રભાવિત કરી રહી છે?
- આ સમસ્યા લોકો, પ્રાણીઓ કે પ્રકૃતિને કેવી રીતે પ્રભાવિત કરી રહી છે?

### 5. જોડાઓ

હવે આગળ વધો અને આ સમસ્યા સાથે સંકળાયેલા તથા તેનાથી પ્રભાવિત થયેલા લોકો સાથે વાત કરો. તેમની ચિંતાઓને સમજવા માટે તેમનો ઇન્ટરવ્યૂ લો, જેથી તમે તેમના માટે નહીં પરંતુ તેમની **સાથે** મળીને તેનો ઉકેલ તૈયાર કરી શકો.




## સ્ટેપ 2 કલ્પના કરો

સફળતાની પરિકલ્પના કરો

### 1. મનોમંથન કરવાના સાધનો

- દરેક આઇડિયા સારા જ હોય છે... અનોખા કે જુદા પ્રકારના આઇડિયા રજૂ કરવામાં સંકોચ અનુભવશો નહીં..
- અન્યના આઇડીયાને આગળ વધારો – 'પણ'ના બદલે 'અને' શબ્દનો ઉપયોગ કરો.
- વધુ સારી રીતે સમજાવવા માટે તમારા આઇડીયાને ચિત્ર દ્વારા રજૂ કરો.


તમે ઘણાં બધા આઇડિયા અને તેના ઉકેલો તૈયાર કરી લો ત્યારબાદ, અમલમાં મૂકવા માટેના શ્રેષ્ઠ ઉકેલોની પસંદગી કરવા **ક્યુબીએલ ટૂલનો** ઉપયોગ કરો. તમારો ઉકેલ નીચે મુજબનો હોવો જોઈએ:

**ઝ**ડપથી અમલમાં મૂકી શકાય તેવો
**નવો** હોવો જોઈએ
**લાંબા ગાળા સુધી** પ્રભાવ છોડી શકે તેવો

### 2. મત આપો

તમે પસંદ કરેલી સમસ્યાનો શ્રેષ્ઠ ઉકેલ આપે એવા આઇડિયા માટે મત આપો.

વધુ અસરકારક ઉકેલ તૈયાર કરવા માટે એક કરતાં વધુ આઇડીયાનું સંયોજન કરીને જુઓ.



**અર્થશોટના ફાઇનલિસ્ટ્સની જેમ વિચારો અને પોતાને આ પ્રશ્નો પૂછો:**

- આ ઉકેલ વધુમાં વધુ લોકોને કેવી રીતે મદદરૂપ થઈ શકે છે?
- શું તે પ્રકૃતિ અને આપણા પર્યાવરણને પણ મદદરૂપ થઈ શકે છે?
- શું તે નવો અને સર્જનાત્મક છે?
- શું અન્ય શાળાઓ કે સમુદાયો પણ તેનો અમલ કરી શકે છે?
- શું તેની અસર લાંબા સમય સુધી રહી શકે તેમ છે? શું તે પરવડે તેવો અને વ્યવહારુ છે?

## સ્ટેપ 3 કાર્યવાહી કરો

પરિવર્તનને વાસ્તવિકતા બનાવો

### 1. યોજના બનાવો

યોજના બનાવતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખો:

- આ માટે કયા સંસાધનોની જરૂર પડશે?
- તેનું બજેટ કેટલું હશે?
- તે માટે નાણાં ક્યાંથી મેળવશો?
- તે માટે કેટલા લોકોની જરૂર પડશે?
- તેને પૂર્ણ કરવામાં કેટલો સમય લાગશે?
- તમે તમારા કાર્યનું દસ્તાવેજીકરણ કેવી રીતે કરશો?

તમારી ક્ષમતાઓને ધ્યાનમાં રાખીને તમારી ભૂમિકાઓ અને જવાબદારીઓ પસંદ કરો.

### 2. અમલીકરણ કરો

આગળ વધો અને તમારી યોજનાનું અમલીકરણ કરો.
**હા, તમે જરૂર કરી શકો છો!**

### 3. ચિંતન કરો

- આ સમસ્યા વિશે તમે કઈ 3 બાબતો શીખ્યા?
- તમારી ટીમના સભ્યો વિશે તમે કઈ 2 બાબતો શીખ્યા?
- તમારા વિશે તમે કઈ 1 બાબત શીખ્યા?

તમારા પ્રોજેક્ટના પ્રભાવને લાંબા સમય સુધી જાળવી રાખવા શું કરી શકાય, તેના વિશે વિચારો.



**ધી અર્થશોટ પ્રાઇઝ એવા ઉકેલોને બિરદાવે છે, જે પ્રેરણાદાયી, મોટા પાયે અમલમાં મૂકી શકાય એવા, સર્જનાત્મક, સર્વસમાવેશક, વ્યવહારુ અને આશાવાદી હોય.** તમારા અર્થશોટ ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓ, નવપ્રવર્તકો, વૈજ્ઞાનિકો અથવા વ્યાવસાયિકોનો સંપર્ક કરો.

## સ્ટેપ 4 શૅર કરો

હું કરી શકું છું! તો હવે તમે પણ કરી શકો છો.

### 1. સબમિટ કરો

તમારો પ્રોજેક્ટ challenge.dfcworld.com પર અમારી સાથે શૅર કરો.

વેબસાઇટ પર આપવામાં આવેલી સબમિશનની માર્ગદર્શિકાનું પાલન કરો. તમે **ફોટો સ્ટોરી** અથવા **વિડીયો સ્ટોરી** એમ બેમાંથી કોઈ એક ફોર્મેટમાં તમારો પ્રોજેક્ટ સબમિટ કરી શકો છો.

એફઆઇડીએસના દરેક સ્ટેપ હેઠળ પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપો.

**ફોટો સ્ટોરી:** તમારા પ્રોજેક્ટના દરેક સ્ટેપને દર્શાવતા ફોટા અપલોડ કરો. તમારા પ્રોજેક્ટની સમગ્ર પ્રક્રિયાનું દસ્તાવેજીકરણ કરવાનું યાદ રાખો.

**વિડીયો સ્ટોરી:** તમારા પ્રોજેક્ટની સમગ્ર પ્રક્રિયાનો વિડીયો બનાવો, તેને યુટ્યૂબ પર અપલોડ કરો અને તેની શૅર લિંકને સબમિશન પ્લેટફોર્મમાં પેસ્ટ કરો.

**યાદ રાખો**
જો તમે ફોટો સ્ટોરી સબમિટ કરી રહ્યા હો, તો વધુમાં વધુ 16 ફોટા અપલોડ કરી શકો છો, એટલે કે દરેક સ્ટેપ માટે વધુમાં વધુ 4 ફોટા. જો તમે વિડીયો સ્ટોરી બનાવી રહ્યા હો, તો તેનો સમયગાળો 3 મિનિટથી વધુ ન હોવો જોઈએ.

### 2. પ્રેરણા આપો

તમારી સ્ટોરીનો જાદુ ફેલાવવા માટે અહીં કેટલાક આઇડિયા આપવામાં આવ્યા છે :-)

- શાળાની એસેમ્બલી
- સમાચારપત્રમાં લેખ
- ટીવી શૉ
- રેડિયો
- સોશિયલ મીડિયા
- પર્ફોર્મન્સ
- સમુદાયમાં પ્રદર્શન યોજવું
- કલા અથવા નાટ્ય પ્રસ્તુતિ
- વિજ્ઞાન મેળો
- એન્વાયર્મેન્ટ ક્લબમાં રજૂઆત



**#ICANEarthshotChallenge નો ઉપયોગ કરો**

**challenge.dfcworld.org**
પર તમારો પ્રોજેક્ટ સબમિટ કરો

# I CAN અર્થશોટ ચેલેન્જ

આઈ કેન અર્થશોટ ચેલેન્જ બાળકો અને યુવાનોને પર્યાવરણમાં હકારાત્મક પરિવર્તન લાવનારા ચેન્જમેકર્સ બનવા માટે આમંત્રિત કરે છે. આ ચેલેન્જ પાંચ મુખ્ય કેટેગરી પર કેન્દ્રિત છે: **પ્રકૃતિનું રક્ષણ કરો અને તેને પૂર્વવત કરો, આપણી હવાને સ્વચ્છ બનાવો, આપણા મહાસાગરોને પુનર્જીવિત કરો, કચરામુક્ત વિશ્વનું નિર્માણ કરો અને આપણી આબોહવાને સુધારો.**

**ફીલ, ઇમેજિન, ડૂ અને શેર (એફઆઇડીએસ)** ફ્રેમવર્કના આધારે બાળકો તેમના સમુદાયની સમસ્યાઓને ઓળખી શકશે અને અર્થશોટના એક કે તેનાથી વધુ લક્ષ્યોને હાંસલ કરવામાં મદદરૂપ થાય તેવા ઉકેલો વિકસાવશે. **'આપણે કેવી રીતે…?' અને '…માટેની તકો શોધો'** જેવા પ્રોમ્પ્ટ્સ જવાબ આપવા માટે નહીં પરંતુ નવા આઇડીયા સૂચવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. તમારા સ્થાનિક સમુદાયમાં રહેલી સમસ્યાઓ અને તકોને સમજવા માટે આ પ્રોમ્પ્ટ્સનો ઉપયોગ કરો અને લોકો તેમજ પૃથ્વી માટે હકારાત્મક પરિવર્તન લાવી શકે તેવી નવીન પહેલને વિકસાવો.

## પ્રકૃતિનું રક્ષણ કરો અને તેને પૂર્વવત કરો

**પોતાની જાતને પૂછો: 'આપણે કેવી રીતે…'**

- એવી જગ્યાઓનું નિર્માણ કરો, જ્યાં સ્થાનિક વનસ્પતિ, વન્યજીવો અને જૈવવૈવિધ્યતા વિકસી શકે.
- પાણીનું સંરક્ષણ કરવા અને કુદરતી સંસાધનોનું રક્ષણ કરવા માટે નવીન પદ્ધતિઓ વિકસાવો.
- સામૂહિક સ્થળોને સ્વચ્છ રાખવા અને ઇકોસિસ્ટમનું રક્ષણ કરવા માટે સમુદાયને પ્રેરિત કરો.

**પ્રેરણા**
ભારતની'ખેતી' નામની સંસ્થા ખેડૂતોને ઓછા પાણીના ઉપયોગ સાથે વધુ ઉત્પાદન મેળવવામાં મદદ કરે છે.

## આપણી હવાને સ્વચ્છ બનાવો

**…નીચે જણાવેલી બાબતો માટેની તકો શોધો:**

- લોકો અને પ્રકૃતિ માટે વધુ હરિયાળા અને સ્વસ્થ સ્થળોનું નિર્માણ કરો.
- પ્રદૂષણ ઘટાડવા અને હવાની ગુણવત્તા સુધારવા માટેના ઉપાયો શોધો.
- ચાલીને જવું, સાઇકલનો ઉપયોગ કરવો અને સહિયારા પરિવહન જેવા સ્થાયી પરિવહનને પ્રોત્સાહન આપો.

**પ્રેરણા**
કેન્યાની 'મુકુરુ ક્લીન સ્ટોવ્સ' સંસ્થા ઘરોમાં થતાં હાનિકારક વાયુ પ્રદૂષણને ઘટાડવામાં મદદ કરે છે.

## આપણા મહાસાગરોને પુનર્જીવિત કરો

**…નીચે જણાવેલી બાબતો માટેની તકો શોધો:**

- નદીઓ, મહાસાગરો અને અન્ય જળાશયોને પ્રદૂષણથી સુરક્ષિત રાખો.
- ફરીથી ઉપયોગ, રીસાઇક્લિંગ અને જવાબદાર વપરાશને પ્રોત્સાહન આપીને કચરો ઘટાડો.
- ઇકોસિસ્ટમને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા માટે સમુદાયને પ્રેરિત કરો.

**પ્રેરણા**
ઑસ્ટ્રેલિયાની સ્થાનિક વિમન રેન્જર્સ પરંપરાગત જ્ઞાન અને ટેક્નોલોજીનો સમન્વય કરીને ઇકોસિસ્ટમનું રક્ષણ કરે છે.

## કચરામુક્ત વિશ્વનું નિર્માણ કરો

**પોતાની જાતને પૂછો કે, આપણે કેવી રીતે…**

- સમારકામ, સહિયારા ઉપયોગ અને ફરીથી ઉપયોગ દ્વારા વસ્તુઓ તથા સામગ્રીનો ઉપયોગ લાંબા સમય સુધી કરી શકાય તે માટે પ્રયાસ કરી શકીએ.
- ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા વિકલ્પો અપનાવીને અને કચરાના યોગ્ય વર્ગીકરણ દ્વારા કચરો ઘટાડી શકીએ.
- મૂલ્યવાન સંસાધનોને પુનઃપ્રાપ્ત કરી શકાય અને પોષકતત્વોને ફરીથી પર્યાવરણમાં પાછા આપી શકાય.

**પ્રેરણા**
યુકેની નોટપ્લા સંસ્થા પ્લાસ્ટિક પૅકેજિંગના વિકલ્પ તરીકે સમુદ્રી શેવાળ આધારિત પૅકેજિંગ સામગ્રી તૈયાર કરે છે.

## આપણી આબોહવાને સુધારો

**…નીચે જણાવેલી બાબતો માટેની તકો શોધો:**

- તમારા સમુદાયમાં સ્વચ્છ અને પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉકેલોને પ્રોત્સાહન આપો.
- ઊર્જાનો ઉપયોગ ઘટાડો અને જેમાંથી ઓછો કાર્બન ઉત્સર્જિત થતો હોય તેવી જીવનશૈલી તથા પરિવહનને પ્રોત્સાહન આપો.
- લોકો અને કુદરતી સ્થળોને બદલાતી આબોહવાની અસરો પ્રત્યે અનુકૂળ થવામાં મદદ કરો.

**પ્રેરણા**
બાંગ્લાદેશની ફ્રેન્ડશિપ સંસ્થા વિવિધ સમુદાયોને આબોહવા સંબંધિત પડકારોનો સામનો કરવામાં મદદ કરે છે.

**www.designforchangeindia.com/earthshot-challenge | #ICANEarthshotChallenge**


THE EARTHSHOT PRIZE

DESIGN for CHANGE

alana

ચેલેન્જનું અમલીકરણ કરનાર પાર્ટનર
DESIGN for CHANGE INDIA

ઇવેન્ટ પાર્ટનર
MuSo Museum of Solutions
a JSW initiative